

# કોરોના પીડિતોનાં રસોડા PNR એ ચાલુ રાખ્યા

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જાન્યુઆરી - ૨૦૨૨, અંક નં. ૧૦૯ / ૪૦૫

## ૧૪૦૦થી વધુ પરિવારને અનાજની કિટ

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 January - 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર




સંસ્થામાં વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી



ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતા મહાનુભાવો



બંધારણ દિવસની ઉજવણી



પીએચ.ડી. ની ડિગ્રી પ્રાપ્ત કરતા શ્રી સંતોષ યાદવ



વીર શહિદ શ્રી બિપીન રાવતને શ્રધ્ધાંજલી



ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં યોજાયેલ રંગોલી સ્પર્ધા

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- INDEX . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . ૦૪
- સેરેબ્રલ પાલ્સી . . . . . . . . . . . . . . . . . ૦૫
- વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી . . . . . . . . ૦૬
- "એક શ્રવણમંદની સાફલ્ય ગાથા" . . . . . . . . ૦૭
- ત્રાંસી આંખના ઓપરેશન વિનામૂલ્યે . . . . . . ૦૭
- કોરોના પીડિતોના રસોડા PNR એ ચાલુ રાખ્યા . . ૦૮
- દોઢ લાખ કિટનું બાળકોને વિતરણ . . . . . . . ૦૮
- પ્રેરણાદાયક ઉમદા કાર્ય . . . . . . . . . . . . ૦૮
- જન્મદિવસની અનોખી ઉજવણી. . . . . . . . . . ૦૯
- ભારત સરકારનો દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . ૦૯
- મહુવા રિસોર્સ સેન્ટર . . . . . . . . . . . . . ૧૦
- નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો . . . . ૧૦
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . ૧૧
- પ્લાસ્ટિક સર્જરી કેમ્પ તથા પ્રેસ કોન્ફરન્સ . . . . . ૧૧
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક . . . . . . . . ૧૨
- વિનામૂલ્યે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેઈનિંગ . . . . . ૧૨
- 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . ૧૩
- TTC - વિઝ્યુઅલી ઈમ્પાયર્ડ . . . . . . . . . . . ૧૩
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . ૧૪
- સી.પી. સ્કૂલમાં એસેસમેન્ટ કેમ્પ . . . . . . . . ૧૪
- VCL - નવજવાન સંઘ . . . . . . . . . . . . . ૧૪
- શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા . . . . . . . ૧૫
- TTC - હિયરીંગ ઈમ્પાયર્ડ . . . . . . . . . . . ૧૬
- PRV - આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર . . . . . . . ૧૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . ૧૮
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના . . . . . . . . . . ૧૯
- દાંપત્ય જીવનની નવી શરૂઆતના સાત વચન . . . ૧૯
- દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય યોજના . . . . ૨૦
- એરફોર્સમાં પ્રથમ વખત દિવ્યાંગ કેડેટ્સ સામેલ . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . . . . . . . ૨૧
- સંદીપની - સાફલ્ય ગાથા . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## સંસ્થા અને આપદ્ ધર્મ

કોરોનાના સમયમાં જયારે વ્યક્તિઓ અને સામાજિક સંસ્થાઓને આર્થિક રીતે અનેક મુશ્કેલીઓ વેઠવી પડી છે ત્યારે, પી.એન.આર. સોસાયટીએ પોતાની સામાજિક જવાબદારી નિભાવી ઉદાહરણીય કાર્ય કર્યું છે.

કોરોનાના સમયગાળામાં પી.એન.આર. એ કોરોના પીડિત દર્દીઓ માટે ફૂટની વ્યવસ્થા, કોરોનામાંથી બહાર આવ્યા પછી તેના રીહેબ માટે વિવિધ કસરતો, ડૉકટરી સહાય, જયુસ વિગેરે માટે મદદ, કોરોના પીડિત કર્મચારીઓને આર્થિક મદદ, ભાવનગરના આર્થિક જરૂરિયાતમંદ વ્યક્તિઓને ૪ મહિના માટે ૧૪૦૦ જેટલી અનાજ કિટ સહાય અને છેલ્લે ભાવનગર શહેર-જિલ્લા અને રાજુલા વિગેરેની પ્રાથમિક શાળાના આશરે ૧,૫૦,૦૦૦ (દોઢ લાખ) જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયરૂપે પેન્સિલ-રબર-સંચાની કીટ આપી પ્રોત્સાહિત કરવાનું પ્રસંશનીય કાર્ય કર્યું છે.

ઉપરોકત કાર્યો, દાતાઓની ઉદાર સહાય અને હોદ્દેદારો-કાર્યકર્તાઓની જહેમતથી શકય બન્યાં છે. દિવ્યાંગો માટે સમર્પિત આ સંસ્થાના આ કાર્યો માટે સમાજ અને ઈતિહાસ અવશ્યપણે નોંધ લેશે.

**કિરીટ રાઠોડ**

**You have not lived today until you have done something for someone who can never repay you.**

**- John Bunyan**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૦૯ / ૪૭૫**
  ૧૫ જાન્યુઆરી - ૨૦૨૨
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિકસ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **નેહલ ત્રિવેદી**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

## KLID Triangle Marches Ahead

Education of the deaf, Augmenting Force of Special Teachers for the Deaf and Manufacture and supply of Artificial Limbs of the K. L. Institute for the Deaf (KLID) have left a fine record as will be evident from the details furnished in this issue. It didn't lag behind in socialization of the deaf by celebrating 'World Disable Day" in which various competitions for the deaf students reading in its Primary, Secondary and Higher Secondary Schools were organised. Fact that Principal.

Dr. Santoshbhai Yadav of Shri K. K. Ajmera Teachers' Training College (HI) of KLID was awarded Ph.D. and his nomination as an Expert of RCI, New Delhi, a pivotal organization of the Govt. of India, have earned national recognition to the KLID's work in the field of the deaf empowerment.

## Nataraj C.P. School Gears-up

After corona-driven grinding halt the Nataraj Special School for Children with Cerebral Palsy and five Taluka-based Resource Centers in its command became highly active for discharging their mandates of a noble cause. It took lead of organizing A Mega Assessment and Guidance camp for persons with disability by inviting expert doctors in the field. The camp had 75 beneficiaries. The issue carries very educative an article by Principal Jigna Solanki of the School for parents of children with Cerebral Palsy. Socialization of C.P. Children was continued non-stop by celebrating National and International Days besides festival days.

## 'Ankur' School's Dynamism

National Assessment Survey examination, Annual Meeting of the Board of Trustees, Webinar on World Disable Day for formulating strategy. Awareness programme for disabled, holding of Diploma Examination have been the chief activities of the Ankur Special School for Mentally Retarded Children. Dr. Bhavikaben Kamdar of Teachers' Training College of the Ankur School brought fame to the school for having been appointed as CLO by NBER.

## PNR Special Hospital in full swing

Having served patients in disciplines viz. Orthopadic (116), Eyes (307), ENT (330), Minor procedure (162), Arthroscopy (19), Dental (89), OPD (531), X-Ray (56), Pathology Lab (327), Rubella (4), Skin (50), Padiatric Dental (2), Ratina (2) to their satisfaction and surgical procedures viz. Orthopadic (12), Eye (200), ENT (4) and Orthodental (94) were undertaken. This is not all. Two camps one each of Squint-Eye and Plastic Surgeries were organised. A total number of 16 squint-eyes of children were set right. In the plastic surgery camp 13 operations were undertaken. It is gratifying to record here that with this the PNR Hospital in 20 years has undertaken more than 2015 plastic surgeries after examining about 6000+ children.

## Other Significant Activities

The PNR Society through its AT&T Technology Park distributed 25 laptops with required gadgets among disable youths of Talaja Taluka for learning computer skill online at home. High-Tech Inclusive School continued its activities with emphasis on extra-curricular activity. The issue has news, success stories and useful information for the disable. Last but not the lease the PNR Society has continued kitchens for poor corona victims even now.

# સેરેબ્રલ પાલ્સી - મગજનો લકવા

✍ જિજ્ઞા સોલંકી



સામાન્ય વ્યક્તિઓનું જીવન બાલ્યાવસ્થાથી શરૂ કરી જીવનપર્યંત અનેકવિધ સુખ:દુખના પ્રસંગોના તાણાવાણાથી વણાયેલું હોય છે. સામાન્ય વ્યક્તિઓની જેમ દિવ્યાંગ બાળકોની પણ એક અલગારી દુનિયા છે જે વિવિધ પડકારોથી ભરપૂર છે. આપણે **સેરેબ્રલ પાલ્સી** એટલે કે **મગજનો લકવો** જેને ટૂંકમાં **સી.પી.** કહેવાય તેના વિશે જાણીશું.

બાલ્યાવસ્થામાં જોવા મળતી આ મગજની ઈજાની સ્થિતિ, નવજાત શિશુના જન્મ પહેલાં, જન્મ સમયે કે જન્મ બાદના મગજના વિકાસની પ્રક્રિયા દરમિયાન થતી ઈજાથી ઉદ્દભવે છે. જે બાળકોમાં કાયમી હલન-ચલનની ક્ષતિ અને શારીરિક મુદ્રાઓ તથા બેલેન્સ જાળવવાની અક્ષમતા ઊભી કરે છે.

## સેરેબ્રલ પાલ્સી થવાના મુખ્ય કારણો :



◈ જન્મ સમયે મોડું રડવું કે ન રડવું, જેથી જન્મ પહેલા કે જન્મ સમયથી મગજના વિકાસ માટે જરૂરી રક્ત, પોષક દ્રવ્યો કે ઓક્સિજનની ઉણપ થવી.

◈ અધૂરા મહિને / અતિ ઓછા વજન સાથે જન્મ થવો.

◈ જન્મ સમય પછી તુરંત આંચકી આવવી, અને પછી ચાલુ રહેવી.

◈ **જન્મ સમયે મોડું રડેલ બાળક જેને પ્રથમ ૬ માસ સુધી ડૉ. સંસ્થામાં સમયાંતર તપાસ કરી મગજના લકવાના ચિન્હોને તપાસવામાં આવે, ત્યારબાદ નિયમિત સારવાર શરૂ કરી શકાય તો ઘણો ફાયદો થાય છે.**

## જન્મથી બાલ્યાવસ્થામાં સી.પી. બાળકોમાં જોવા મળતી મુખ્ય ક્ષતિઓ :

◈ **વિકાસાત્મક વિલંબ :** બાળકના શારીરિક વિકાસના તબક્કાઓ જેમ કે, ગરદન કંટ્રોલ, બેસવું, ચાલવું, વગેરે શીખવામાં મોડા પડવું.

◈ **શરીરના સ્નાયુઓમાં ટોન :** અતિશય ઢીલો (ફ્લોપી) અથવા વધુ અક્કડ (સ્પાસ્ટિક) જોવા મળે. જે હલન-ચલન વખતે અનુભવાય છે.

◈ **અસામાન્ય શારીરિક મુદ્રાઓ (પોસ્ચર) :** સેરેબ્રલ પાલ્સી બાળકોને મગજમાં થયેલી ઈજાના આધારે વિવિધ પ્રકારોમાં જોઈ શકાય જેમાં મુખ્ય નીચે મુજબ છે. :-

◈ **સ્પાસ્ટિક સી.પી. :** જેમાં મગજના બહારના હિસ્સામાં મુખ્યત્વે ઈજા જોવા મળે છે, તેથી ઓછું અને મર્યાદિત હલન-ચલન, સ્નાયુઓ ખૂબ અક્કડ્તાવાળા.

◈ **એથેટોઇડ સી.પી. :** અનિયંત્રિત હલન-ચલન, સ્નાયુઓમાં ટોન બદલાયા કરે. શરીરના વિવિધ અવયવોમાં જુદો-જુદો ટોન જોવા મળે. વાણી, ભાષા, વાતચીત ઉપર નોંધપાત્ર અસર. બુધ્ધિ ક્ષમતા સારી, મગજના બેસલ ગેગ્લિયા (મધ્યમગજ)માં ઈજા.

◈ **એટેક્સીક સી.પી. :** નાના મગજને ઈજા થઈ હોય. શરીરના સ્નાયુઓમાં હલન-ચલન માટે સંકલન અને સંતુલન (બેલેન્સ)ની ક્ષતિ, વાતચીત ઓછી અથવા ધીમી હોય.

◈ **મિક્સ સી.પી. :** એક કરતાં વધુ પ્રકારના સી.પી. ની અસર બાળકમાં જોવા મળવાથી, તે તીવ્ર વિકલાંગતાવાળું બને છે. બધી જ બાબતોમાં પરાવલંબી જોવા મળે છે.

## વાચકગણ કેવી રીતે મદદરૂપ થશો ?

અહીં આપ સી.પી. ના પ્રકારો તેમજ પ્રાથમિક ચિન્હોથી માહિતગાર થયા પછી, આપના પરિવાર કે સામાજિક વર્તુળમાં આવું બાળક જોવા મળે તો તેને નીચે દર્શાવેલ અમારી સંસ્થાના સરનામે, મગજના લકવો ધરાવતા બાળકોની વિશિષ્ટ શાળામાં વહેલાસર મોકલશો. સી.પી. બાળકોની વહેલાસરની સારવાર તેને ગંભીર વિકલાંગતામાંથી ઉગારી શકે છે. જેમાં મુખ્યત્વે ફિઝિયો, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ લેંગ્વેજ થેરાપી, વિશિષ્ટ શિક્ષણ, રોજિંદા દૈનિક કાર્યોની તાલીમ, શરૂઆતના જીવનકાળમાં મહત્વનો ભાગ ભજવે છે. સી.પી. બાળકોના જીવન તરંગને સુખી, સ્વસ્થ અને મહેકતું રાખવા માટે વાલી, પરિવાર તેમજ સમાજના સહકારનો ત્રિવેણી સંગમ અનિવાર્ય છે. આપના પ્રશ્નો આવકાર્ય છે.

**સરનામુ :** ‘નટરાજ’ સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકોની વિશિષ્ટ શાળા, નટરાજ કોલેજ કેમ્પસ,સરદાર પટેલ સ્કૂલ પાસે, કાળિયાબીડ, ભાવનગર.
M. 9375757182 / 09427423757
Source CBC **news** :- **www.cbc** ca.news sudbery

# PNR અને બહેરાં મૂંગા શાળામાં વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી

PNR સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં **વર્લ્ડ ડિસેબલ્ડ ડે**ની ઉજવણી કરવામાં આવેલ. ઈ.સ. ૧૯૯૨થી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિકલાંગો પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમના જીવનમાં ઉજાસ લાવવા, સમાજને ભાગીદાર બનાવવાના ઉદ્દેશથી આ ઉજવણી કરવામાં આવે છે. માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શાબ્દિક સ્વાગત બાદ, મહામંત્રીશ્રી પારસભાઈ શાહે ઓનલાઈન ઉપસ્થિત રહી બાળકોના વિકાસ માટેની પ્રવૃત્તિના આયોજનમાં જહેમત લેનાર સહકર્મચારીઓને શુભેચ્છા આપેલ. ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલશ્રી જીજ્ઞાબેન સોલંકી, હાઈટેક સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી હિતેનભાઈ પંડયા, વિશિષ્ટ શિક્ષકો, વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેલ. ઉત્કૃષ્ટ કામગીરી માટે સ્ટાફને, તેમજ KBC શો ના વિજેતાઓને, રંગોળી સ્પર્ધા તથા એકતા દિવસની ઉજવણીના ઈનામો, રોકડ રકમ તથા દાતાશ્રી નૂતનબેન ભટ્ટ દ્વારા મળેલ વ્હીલચેર સાધન સહાય તરીકે અર્પણ કરેલ.

## પ્રાથમિક વિભાગ

તા. ૩ ડિસેમ્બર ૧૯૯૨થી આ દિવસ ઉજવવાની શરૂઆત થઈ. સમાજમાં વસતા શારીરિક અને માનસિક રીતે અક્ષમ વ્યકિતઓ પ્રત્યેનો દષ્ટિકોણ હકારાત્મક બને અને વિકલાંગતા પ્રત્યે લોકોની જાગૃતિ વધે તે માટે વૈશ્વિક સ્તરે આ દિવસની ઉજવણી થાય છે.

શ્રી ખી.લ. બહેરા બાળકોની શાળામાં આ દિવસે, બધિર બાળકો અને સમધારણ બાળકો એક-બીજા સાથે ભળે તે હેતુથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું. જેમાં ચિત્ર સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ અને મહેંદી સ્પર્ધામાં કુલ ૪૦ બાળકોએ ભાગ લીધો. નિર્ણાયક તરીકે શ્રી રાજલબેન દાણી, શ્રી વિનીતાબેન શાહ તથા શ્રી ભાવિકભાઈ ચૌહાણે સેવા આપી.



સમાપન કાર્યક્રમમાં સમાજ સુરક્ષા અધિકારી કચેરીના ચીફ પ્રોબેશન અધિકારી શ્રી એમ. આર. જાંબુચા, શ્રી એસ.પી. રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓનું સ્વાગત મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ કર્યું. આ કાર્યક્રમમાં વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવ્યા. મંત્રીશ્રીએ બાળકોને શુભેચ્છા આપી સાથે કાર્યક્રમના આયોજન માટે સૌને અભિનંદન પાઠવ્યા. શ્રી જાંબુચાએ પણ બાળકોને અભિનંદન સાથે કાર્યક્રમ યોજવા બદલ ખુશી વ્યકત કરી. નદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય તથા અમર જયોતિ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો આ કાર્યક્રમમાં હાજર રહેલ. આભારવિધિ શ્રી કવિતાબેન શાહે કરેલ હતી.

## માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં તા. ૩, ડિસે. ના રોજ **વિશ્વ વિકલાંગ દિવસ** ઉજવવામાં આવ્યો.

શાળામાં ક્રાફ્ટ આર્ટની સંકલ્પના સાથે વિદ્યાર્થીઓ દ્વારા પોત-પોતાના વર્ગમાં આર્ટ પેપર, કાગળ વગેરે વસ્તુઓનો ઉપયોગ કરી, વર્ગને વિવિધ ક્રાફ્ટ કક્ષાના નમૂના બનાવી શણગારવાની હરીફાઈ યોજવામાં આવી હતી. જેમાં ધો. ૯ થી ૧૨ ના ત્રણ-ત્રણ વર્ગોએ ભાગ લીધેલ. શાળાના શ્રવણમંદ બાળકોએ ખૂબ ઉત્સાહથી કાર્ય કરેલ.

નિર્ણાયક તરીકે પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ઈલાબાહેન, શ્રી વૈશાલીબહેન તથા શ્રી જયોતિબહેન ભટ્ટીએ દરેક ધોરણમાંથી એક-એક વર્ગને પસંદ કરેલ. પસંદગી પામેલ દરેક વર્ગોને ઈનામ આપવામાં આવેલ.

શાળાના પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવેની પ્રેરણા તેમજ માર્ગદર્શનથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

શાળાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહે વર્ગોની મુલાકાત લઈને સહુને પ્રોત્સાહિત કર્યા, તેમજ દરેકને શુભેચ્છાઓ પાઠવેલ.

## શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળાના

# "એક શ્રવણમંદની સાફલ્ય ગાથા"



કૌશલ વ્યાસે ૧૯૭૮ થી ૧૯૯૪ સુધી આપણી બહેરાં-મૂંગા શાળામાં અભ્યાસ કરેલ. અત્યારે તે આરતી ઈન્ડસ્ટ્રિઝ લિમીટેડ વાપીમાં, એચ.આર. ડિપાર્ટમેન્ટમાં એક્ઝિક્યુટિવ તરીકે કાર્યરત એક માત્ર બહેરો-મૂંગો વ્યવસાયિક છે. તેની સર્વિસને ૨૫ વર્ષ પૂર્ણ થયેલ છે, કૌશલ્યનિષ્ટ કૌશલને સહુ સાથે હળીમળીને કામ કરવા બદલ તેના **સહકર્મચારીઓએ તેનું સન્માન કરેલ છે અને કંપનીએ તેને સોનાનો સિક્કો આપ્યો છે.** આ ક્ષણે કૌશલ પોતાની શાળાને યાદ કરે છે.

પોતાની વ્યવસાયિક સફળતાનું રહસ્ય જણાવતાં કૌશલ કહે છે કે, 'પ્રારંભિક વર્ષોમાં પાયાનું શિક્ષણ ભાવનગરની શ્રી ખી.લ. બહેરાં-મૂંગા બાળકોની શાળામાંથી મળેલ. પછી તેના પિતાશ્રીએ કોમ્પ્યુટરનું શિક્ષણ અપાવી, રોજગારની તકનું સર્જન કર્યું, જુદી-જુદી કંપનીઓમાં રીઝ્યુમ આપ્યાં અને આરતી ઈન્ડસ્ટ્રિઝમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે તેનું સિલેકશન થયું.' કૌશલે પોતાની એબિલિટી વધારવા માટે સર્વિસની સાથે-સાથે ઘણાં કોમ્પ્યુટર કોર્સ કર્યાં. જેના પરિણામરૂપ આજે તે આ સન્માનિય હોદ્દા પર કાર્યરત છે.

કૌશલની આ ઉપલબ્ધિ શ્રવણમંદ બાળકો માટે પ્રેરણાનો સંદેશ આપે છે કે, 'સાચું માર્ગદર્શન એક વ્યક્તિને પ્રગતિશીલ બનાવી શકે છે. જે માટે કૌશલ તેના માતા-પિતા અને શાળાનો ઋણી છે.' આ પહેલા સર્વિસના ૧૦ વર્ષ થયા ત્યારે કંપનીએ રૂા. ૪૫૦૦૦ કૌશલને આપ્યા હતાં.

## પી.એન.આર. હૉસ્પિટલમાં


# ૧૬ બાળકોના ત્રાંસી આંખના ઓપરેશન વિનામૂલ્યે

તા. ૧૭-૧૮ ડિસેમ્બર PNR સોસાયટી સંચાલિત હોસ્પિટલ ખાતે પ્રતિ બે માસે યોજાતો ત્રાંસી આંખનો કેમ્પ યોજાય ગયો. આ કેમ્પમાં ડૉ. જનકભાઈ શાહ અને ડૉ. પ્રિતિબેન શાહે ૪૦ બાળકોને તપાસી ૧૬ બાળકોના વિનામૂલ્યે ત્રાંસી આંખના સફળ ઓપરેશન કર્યા હતાં.

આ તપાસ કેમ્પ દરમિયાન બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાંપણ, આંખની કીકી સતત હલવી, તેમજ બાળ મોતિયો વિગેરે જોવા મળ્યાં હતાં. વર્ષ ૨૦૦૫થી સંસ્થાની PNR હોસ્પિટલમાં Peadiatric Ophthalmic Center ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ડૉ. જનકભાઈ શાહ અને ડૉ. પ્રિતિબેન શાહ બંને Peadiatric Ophthalmic Surgeon, મુંબઈથી દર બે મહિને ભાવનગર આવે છે અને કેમ્પ માટે તેઓનો અમૂલ્ય સમય ફાળવે છે.



# કોરોના પીડિતોના રસોડા PNR એ ચાલુ રાખ્યા



સમગ્ર વિશ્વની સાથે ભારતમાં પણ કોરોનાએ ભારે કેર વર્તાવ્યો હતો. ગત વર્ષ દરમ્યાન હજારો પરિવારે પોતાના મોભી ગુમાવ્યા, તો હજારો પરિવારે રોજી રોટી ગુમાવી. ભાવનગરના આવા પરિવાર સુધી પી.એન.આર. સોસાયટીએ પહોંચીને અત્યાર સુધીમાં ૧૪૦૦ થી વધુ કુટુંબોના રસોડા ચાલુ રાખ્યા છે. દિવાળી દરમ્યાન આવા પરિવારોનું પર્વ નબળું ન રહે તેવી લાગણી સાથે ૫૦૦ પરિવારને દિવાળીની મિઠાઈ સાથે, ચોથા રાઉન્ડમાં ૫૦૦ કિટ આપી હતી.

ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે. ના સહયોગથી પી.એન.આર. સોસાયટી દ્વારા છેલ્લાં ૪ મહિનાથી આ અભિયાન ચાલી રહ્યું છે અને રૂા. ૨૭ લાખના ખર્ચે ૪ રાઉન્ડમાં ૧૪૦૦ થી વધુ કિટો જરૂરિયાતમંદ પરિવાર સુધી પહોંચી છે. આશરે ૧૮૦૦ રૂપિયાની ચીજવસ્તુઓ પ્રત્યેક કિટમાં સામેલ હોય અને એક પરિવારનો મહિનો નીકળી જાય તેવી આ સેવા પી.એન.આર. સોસાયટી દ્વારા કરવામાં આવી. સૌથી ઉડીને આંખે વળગે તેવી વાત એ હતી કે પરિવારજનોને ઓશિયાળા થઈ કિટ લેવા આવવાનું ન હતું, પરંતુ તેમના ઘર સુધી આ કિટ પહોંચાડવાની વાહન વ્યવસ્થા કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા જણાવ્યું હતું કે, 'દાતાઓનો સહયોગ મળતો રહે છે અને તેના થકી આવા ઉમદા કામમાં અમે નિમીત્ત બની શકીએ છીએ.'

# પેન્સિલ, સંચા, રબરની દોઢ લાખ કિટનું બાળકોને વિતરણ




હાલમાં કોરોના સમયમાં બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે, પી.એન.આર. સોસાયટી, ભાવનગરે ધો. ૧ થી ૮ ના પ્રાથમિક શાળાના બાળકોને પેન્સિલ, સંચા, રબર વગેરેની દોઢ લાખથી વધુ કિટનું ફ્રી વિતરણ કરવાનું અભિયાન શરુ કર્યું છે. આ અભિયાનના ભાગરૂપે ભાવનગર જિલ્લા-તાલુકાની શાળાઓ માટે ૫૦ હજાર જેટલી કિટ બી.આર.સી. ભવન ખાતે આપવામાં આવી છે. જ્યારે બાબરા તાલુકામાં ૫૦૦૦ અને પી.એન.આર. સંલગ્નિત શાળાઓ અને શિશુવિહાર સંસ્થાને ૨૧૦૦૦ કિટ વિતરણ કરાય છે, જ્યારે બાકીની કિટની શાળાઓની પણ વ્યવસ્થા થઈ રહી છે.



# પ્રેરણાદાયક ઉમદા કાર્ય

**શ્રીમતી ભારતીબેન ભૂપેન્દ્રભાઈ શાહ તથા શ્રી ભૂપેન્દ્રભાઈ હિંમતલાલ શાહ (મુંબઈ) બંનેએ પોતાના ૭૧મા જન્મદિન નિમિત્તે સામાજિક દાયત્વને નિભાવતા પી.એન.આર. સોસાયટીને રૂા. ૭૧૦૦૦/- નું દાન કરેલ છે. જે બદલ બંનેને શુભેચ્છા સાથે અભિનંદન.**

# તળાજા રિસોર્સ સેન્ટરમાં

# દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસની અનોખી ઉજવણી



પી.એન.આર. સોસાયટી સંચાલિત, એન.આર. શાહ મેમોરીયલ હોસ્પિટલ, તળાજા ખાતે ચાલતા, મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુધ્ધિ દિવ્યાંગ બાળકોના સેન્ટરના શ્રી પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) ના પુત્ર રુદ્રાક્ષ ના પહેલા **જન્મદિવસની ઉજવણી** દિવ્યાંગ બાળકોને આનંદ મળી રહે અને લોકોને પ્રેરણા મળે તેવા હેતુ સાથે ૨૦થી વધુ દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરીને રમકડાં તથા નાસ્તાનું વિતરણ કર્યું હતું.

# PNR માં ભારત સરકારનો દિશા કમ વિકાસ પ્રોજેક્ટ



- દિશા-કમ-વિકાસ પ્રોજેક્ટ ભારત સરકારના, નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હી માન્યતા પ્રાપ્ત પ્રોજેક્ટ છે.
- આ પ્રોજેક્ટમાં સી.પી., એમ.આર., ઓટિઝમ અને બહુવિધ દિવ્યાંગ બાળકોનો સમાવેશ કરવામાં આવે છે.
- આ પ્રોજેક્ટમાં દિવ્યાંગ બાળકોને ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી, સ્પેશયલ એજ્યુકેશન, વોકેશનલ ટ્રેનિંગ અને એ.ડી.એલ. ટ્રેનિંગ આપવામાં આવે છે.
- પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ ન્યૂ દિલ્હીની માન્યતા પ્રાપ્ત **દિશા કમ વિકાસ પ્રોજેક્ટ** અંતર્ગત ડિસેમ્બર માસ દરમ્યાન **વોકેશનલ એક્ટિવિટી** માટે **લાભ-શુભના હેન્ગિન્ગ** તથા **બટવા** માટેની કામગીરી કરવામાં આવેલ. પ્રોજેક્ટના તમામ વાલીઓએ ભાગ લઈ, શિક્ષકોને સહાયરૂપ બન્યા હતાં.
- પ્રોજેક્ટ અંતર્ગત સરકારની ગાઈડ-લાઈન મુજબ ડિસેમ્બર માસથી ઓફલાઈન શિક્ષણની કામગીરી શરૂ થયેલ છે. જેમાં રેગ્યુલર ૩૦ થી ૩૫ બાળકો આવે છે. આ ઉપરાંત BPL કેટેગરીમાં આવતા નવા ૭ બાળકોને પ્રોજેક્ટમાં એનરોલમેન્ટ આપવામાં આવશે.



- તા. ૧૭ ડિસેમ્બરના રોજ પ્રોજેક્ટના વિદ્યાર્થી હિતાર્થ યાદવના જન્મદિવસ નિમિત્તે તેમના પરિવાર તરફથી કોરોના ગાઈડ-લાઈનના પાલનમાં મહત્વના હથિયારરૂપ **માસ્કનું** જન્મદિવસની ગિફ્ટરૂપે બાળકોને અને શિક્ષકોને વિતરણ કરવામાં આવેલ હતું.

# મહુવા રિસોર્સ સેન્ટર



પી.એન.આર. સોસાયટી સંચાલિત, મહુવા રિસોર્સ સેન્ટર ખાતે, સ્વ. કૌશલભાઈ કમલેશભાઈ સાયરની ૭મી માસિક પૂણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર તરફથી મહુવા રિસોર્સ સેન્ટરના દિવ્યાંગ બાળકોને **ગરમ સ્વેટરનું વિતરણ** કરવામાં આવ્યું હતું. અભિનંદન.

## નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો શ્રી પારસભાઈ શાહ દ્વારા ભેટ

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/સંપાદન/પબ્લિકેશન | સાહિત્યનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | સાઈબર સફર | - | ઈન્ટરનેટની માહિતી |
| ૦૨ | ધો. ૧૨ મની સિક્રેટ્સ | લેખક : ચિરાગ ઉપાધ્યાય | નારી વાર્તા સંગ્રહ |
| ૦૩ | વાર્તા વિશ્વ | પ્રકાશન : ચિરાગ ઉપાધ્યાય | વાર્તા સંગ્રહ |
| ૦૪ | સ્ત્રી દીકરી-પત્ની-માતા | શ્રીમતી ગીતા ઉનડકર | સ્ત્રી સંવેદના વ્યક્ત કરતું પુસ્તક |
| ૦૫ | મારી વ્હાલી દિકરીને | દિલીપ ભટ્ટ | પિતા-પુત્રીનું વાત્સલ્ય પૂર્ણ પુસ્તક |
| ૦૬ | બન્યું તે જ ન્યાય | સંપાદન : નિરુબેન અમિન | દાદા ભગવાન રૂપાંતરિત |
| ૦૭ | એડ્જેસ્ટ એવરીવહેર | સંપાદન : નિરુબેન અમિન | દાદા ભગવાન રૂપાંતરિત |
| ૦૮ | લિ. ઓકટોમ્બર બે | મુકેશ જોષી | કાવ્ય સંગ્રહ |
| ૦૯ | પ્રાણાયમ રહસ્ય | સ્વામી રામદેવ | પ્રાણાયમની માહિતી |
| ૧૦ | સકસેસફૂલ પેરેંટિંગ | પરીક્ષિત જોબનપુત્રા | નવી પેઢીને ઉછેરવાની નવી પધ્ધતિ |
| ૧૧ | ટ્રેન યોર પેરટ | બુલંદ પબ્લિકેશન | પ્રેરણાત્મક વાર્તાઓ |
| ૧૨ | સફળતા કી નીંવ | મીના અગ્રવાલ | પ્રેરણાત્મક વાર્તાઓ |
| ૧૩ | પ્રેરણાનું ઝરણું | ડૉ. જીતેન્દ્ર અઢીયા | પ્રેરણાત્મક પ્રસંગો |
| ૧૪ | ધનવાન તો બનવું જ જોઈએ. | ડૉ. જીતેન્દ્ર અઢીયા, દિપક ધાબિલયા | પ્રેરણાત્મક પ્રસંગો |
| ૧૫ | વિજ્યુલાઈજેશન | ડૉ. જીતેન્દ્ર અઢીયા, રાજીવ ભાલાણી | માઈંડ પાવર તકનીક |
| ૧૬ | પ્રોમિસ | ડૉ. જીતેન્દ્ર અઢીયા | વચન પાલન ક્ષમતાનું પુસ્તક |
| ૧૭ | એકરાર | ડૉ. જીતેન્દ્ર અઢીયા | પારિવારિક જીવનમાં ઉપયોગી |
| ૧૮ | આત્મવિશ્વાસ | ડૉ. જીતેન્દ્ર અઢીયા અને દિક્ષિતા મહેતા | મોટિવેશન વધારવા માટે ઉપયોગી |
| ૧૯ | ડિપ્રેશન ઓળખ અને ઉપચાર | ડૉ. જીતેન્દ્ર અઢીયા | ડિપ્રેશન ઉપચાર |
| ૨૦ | મંત્ર અનુષ્ઠાન | શ્રી સંતોષ ગુરુ | મંત્ર વિષેની માન્યતા |
| ૨૧ | ડર ને કહો બાય બાય | ડૉ. સુરાણી | પ્રેરણાત્મક વાર્તાઓ |
| ૨૨ | જીવન સાથીની પસંદગી કેવી રીતે કરશો? | Suchi Myatra Kalsaria | લગ્નૌત્સુક યુવક-યુવતિને ઉપયોગી |
| ૨૩ | Way of effective parenting | Ram Varma, Milan Singh | NLP Guide for parents |
| ૨૪ | Etiquette and Manners | Dr. Jitendra Adhiya, Dr. Krishna Shah | Future Endeavours |
| ૨૫ | How to increase your Catch rate | Loyal Angler | Motivational Stories |
| ૨૬ | Tarotaphathy | Poonam Khanna | Book of Tarot |
| ૨૭ | Cricket World Cup -'19<br>પ્રકાશન : રુદ્ર પબ્લિકેશન | લેખક : મૌલિક ભટ્ટ | ક્રિકેટ વર્લ્ડ કપ -'19 વર્ણન |
| ૨૮ | The Magic of Crystal Healing<br>પ્રકાશન : રુદ્ર પબ્લિકેશન | લેખક : પૂનમ ખન્ના / શ્રી સંતોષ ગુરુ | ક્રિસ્ટલ વિષેની માહિતી |
| ૨૯ | યસ ઓલ ઈઝ વેલ | જૈનમ સોની | A Self guide |



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**નવેમ્બર-'૨૧ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસીજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસીજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૧૬ | ૧૨ | લેબોરેટરી | ૩૨૭ | ૧૧૯૯ (ટેસ્ટ) |
| આંખ | ૭૦૭ | ૨૦૦ | રૂબેલા | ૦૪ | - |
| ઈ.એન.ટી. | | | ચામડી | ૫૦ | - |
| (કાન-નાક-ગળા) | ૩૩૦ | ૦૪ | પીડિયાટ્રીક ડેન્ટલ | ૦૨ | ૦૨ |
| માઈનર પ્રોસિઝર | ૧૬૨ | - | આઈ રેટિના | ૦૨ | - |
| ઓર્થોસ્કોપી | ૧૯ | - | પ્લાસ્ટિક સર્જરી | - | - |
| હેર ઈમ્પ્લાન્ટ | - | - | ત્રાંસી આંખ | - | - |
| ઓર્થોડેન્ટલ | ૮૯ | ૯૪ (ટ્રિટમેન્ટ) | કોરોના વેકિસન | - | - |
| જનરલ ઓપીડી | ૫૩૧ | - | ઓરલ સર્જન | ૦૨ | ૦૨ (ટ્રિટમેન્ટ) |
| એક્ષ-રે | ૫૬ | - | | | |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૨૪** લાભાર્થીઓએ **રૂા. ૫૦૯૦/-**ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૧** દર્દીઓએ **રૂા. ૧૦૬૮૦/-** ની સહાય મેળવેલ છે.

PNR હોસ્પિટલમાં એપ્રિલ / મે-'૨૧ દરમ્યાન કોવિડ વેવમાં જયારે ઓક્સિજનના અભાવે દર્દીને ટ્રિટમેન્ટ મળતી ન હતી, તે સમયે ઓક્સિજન કોન્સન્ટ્રેટરની ગંભીર કટોકટી ઉભી થતાં નીચેના દાતા તરફથી મળેલ હતાં. જેની કિંમત રૂા. ૧૦ લાખ જેટલું ડોનેશન પ્રાપ્ત થયેલ છે. જે કોરોનાકાળમાં ઉપયોગી થયેલ છે.

૧૦. ઈમ્પેકટ ફાઉન્ડેશન - યુ.કે.
૦૧. શ્રી પ્રફુલભાઈ શાહ
૦૧. શ્રીમતી રેનુંબેન પ્રફુલભાઈ શાહ
૦૧. શ્રી શશિભાઈ વાધર
૦૧. સ્વ. શ્રીમતી થોરન કે. દેસાઈ, હસ્તે. શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ

## વિશ્વ વિકલાંગ દિવસે ૧૩૦મો પ્લાસ્ટિક સર્જરી કેમ્પ તથા પ્રેસ કોન્ફરન્સ

PNR હોસ્પિટલ ભાવનગરમાં ૩જી ડિસેમ્બર- **વિશ્વ વિકલાંગ દિવસે**, વિકલાંગોના શિક્ષણ, તાલીમ સારવાર અને પુનઃવસન ક્ષેત્રે છેલ્લાં ૬૦ વર્ષથી કાર્યત આ સંસ્થા દ્વારા, હોસ્પિટલમાં છેલ્લાં ૨૦ વર્ષથી ૦ થી ૧૪ વર્ષના બાળકો માટે વિનામૂલ્યે તાળવામાં કાણું, કપાયેલા હોઠ, મૂત્ર નલિકાની ખામીને લગતી પ્લાસ્ટિક સર્જરી થાય છે. તે સેવાની પ્રવૃત્તિ સાક્ષાત નિહાળવા વિવિધ પ્રેસ અને ઈલેકટ્રોનિક મિડીયાના પ્રતિનિધિઓને બોલવામાં આવેલ. છેલ્લાં ૨૦ વર્ષમાં ૬૦૦૦ ઉપરાંત બાળકોને તપાસી-નિદાન કરી ૨૦૧૫ સર્જરી કરાય હોવાની અત્રેથી માહિતી અપાયેલ.

કાર્યક્રમની શરૂઆતમાં હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયાએ સૌને આવકાર્યા હતાં. સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે પી.એન.આર. સંસ્થા અને હોસ્પિટલમાં ચાલતી વિવિધ કામગીરીનો અહેવાલ આપેલ, જયારે મુંબઈના પ્લાસ્ટિક સર્જન ડૉ. નરેશભાઈ વાધવાએ પ્લાસ્ટિક સર્જરીના વિવિધ પાસાઓ અંગે માહિતી અને પ્રશ્નોના જવાબ આપેલ હતાં.

આ પ્રસંગે ઓપરેશનથી થયેલ ફાયદા માટે ઉપસ્થિત દર્દીઓ તથા વાલીઓએ ખૂબજ સંતોષ અને આભારની લાગણી વ્યકત કરેલ.



# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ



કૌશિક પરમાર

## તળાજા તાલુકાના દિવ્યાંગોને લેપટોપ વિતરણ અને ઓનલાઈન તાલીમ




PNR સંચાલિત AT&T ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટયુટ, જે દિવ્યાંગ યુવક-યુવતિઓને, વિદ્યાનગર, ભાવનગર ખાતે તદ્દન ફ્રીમાં કોમ્પ્યુટર ટ્રેનિંગ આપે છે. તેના દ્વારા વર્તમાન સમયને અનુલક્ષીને, દિવ્યાંગજનોને ઘરે બેઠાં બભ્યાસમાં અનુકુળતા રહે તે માટે લેપટોપ વિતરણ, તેમજ તાલીમનું આયોજન તા. ૭, ડિસે. ના રોજ કરવામાં આવ્યું. જેમાં ઓનલાઈન **બેઝિક કોમ્પ્યુટર ફંડામેન્ટલ** કોર્સ શરૂ કરાયો. તળાજા તાલુકાના ૨૫ જેટલા દિવ્યાંગ ભાઈઓ-બહેનોને ઓનલાઈન કોમ્પ્યુટર તાલીમ અર્થે સંસ્થા દ્વારા ૨૫ અદ્યતન લેપટોપ સાથે બુક્સ, સીડી, હેન્ડસ ફ્રી તેમજ ઈન્ટરનેટ જોડાણ માટે પ્રિપેઈડ ડોંગલ જેવા સાધનો વિતરણ કરવામાં આવ્યાં. આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થા ખાતે તે જ દિવસે વિદ્યાર્થી, તેમજ તેમના વાલી સાથે મિટીંગ કરી, ઘરે બેઠાં ઓનલાઈન કોમ્પ્યુટર તાલીમ પધ્ધતિ અંગેનું માર્ગદર્શન અને પ્રોત્સાહન અપાયું. કોવિડ-૧૯ માર્ગદર્શિકા પૂર્ણ રીતે ધ્યાનમાં લઈને આ કાર્યક્રમ, સંસ્થાના હોદેદારો શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ તેમજ શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક સંપન્ન થયો. શ્રી સુકેતુભાઈના માર્ગદર્શન નીચે શ્રી મેહુલભાઈ બુધેલિયા, તેમજ તળાજા સ્થિત શ્રી રજનીકાંતભાઈ અને શ્રી સંજયભાઈએ સેવા આપેલ.


## વિનામૂલ્યે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેઈનિંગના વ્યાપમાં વધારો

કોરોના મહામારીના કારણે એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં વિકલાંગોને વિનામૂલ્યે કોમ્પ્યુટર તાલીમ આપવામાં આવી રહી હતી, તે તાલીમ ઓનલાઈન આપવાનું અનિવાર્ય બન્યું. કોરોના મહામારી આફત બની હતી. તેને અવસરમાં બદલવાનો પ્રયત્ન સંસ્થાએ કર્યો. જુન ૨૦૨૦ માં શરું કરવામાં આવેલ પાયલોટ પ્રોજેકટમાં સફળતા મળતાં સમગ્ર ભાવનગર જિલ્લાના વિકલાંગોએ ઓનલાઈન ટ્રેઈનિંગ મેળવવા માટે તત્પરતા દાખવી. પ્રોજેકટ ધારીએ એટલો સરળ ન હતો. ખર્ચ ખૂબ થતો હતો. અમેરિકામાં વસતાં સંસ્થાના હિતેચ્છુ શ્રી પ્રફુલભાઈ શાહના પ્રયાસોએ પ્રોજેકટને ગતી આપી અને અમેરિકા અને ભાવનગર સ્થિત દાતાઓના સહયોગથી વધુ લેપટોપ વસાવવામાં આવ્યા. અવર-જવર કરવામાં સમસ્યા અનુભવતા શારીરીક વિકલાંગો માટે ઓનલાઈન વિનામૂલ્યે કોમ્પ્યુટર ટ્રેઈનિંગ આશીર્વાદરૂપ સાબિત થઈ. ભાવનગર શહેરમાં શરુ કરાયેલ પ્રોજેકટની માહિતી વિકલાંગોને પોતાના જ વિસ્તારમાં મળી રહે એ માટે તાલુકા લેવલે કેમ્પ યોજવામાં આવ્યા. કેમ્પમાં પ્રોજેકટને લગતી તમામ માહિતી, ઓનલાઈન ટ્રેઈનિંગથી મળતા લાભ, સંસ્થા દ્વારા અપાતા સાધનો જેમ કે, લેપટોપ, ઈન્ટરનેટ માટે રિચાર્જ કરેલ ડોંગલ, માઉસ, પુસ્તકો, સી.ડી. વિગેરેની માહિતી આપવામાં આવી હતી. કેમ્પ દરમ્યાન પસંદ કરવામાં આવેલ તાલીમાર્થીઓને કોમ્પ્યુટર કોર્સમાં એડમિશન આપવામાં આવ્યા. ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેઈનિંગના પ્રસાર માટે તબક્કાવાર કેમ્પ કરવામાં આવ્યા. જેમાં સિહોર ૧૫૦ માંથી ૪૫, ગારિયાધાર ૧૮૦ માંથી ૯૦, પાલિતાણા-જેસર ૨૦૦ માંથી ૬૭, મહુવા ૨૨૫ માંથી ૮૨, વલભીપુર ૧૩૫ માંથી ૫૮ અને તળાજા ૨૫૦ માંથી ૨૫ લાભાર્થીઓ તાલીમ માટે પસંદ કરવામાં આવ્યા.

# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ

## આઝાદી કા અમૃત મહોત્સવ

ધીરુભાઈ ધંધુકિયા



### પોસ્ટકાર્ડ ઝૂંબેશ :

**દેશ કી આઝાદી કા અમૃત મહોત્સવ**, ૭૫ વર્ષ નિમિત્તે, શાળામાં તા. ૬ ડિસે. ના રોજ **મોદીજીકો પત્ર, સ્વાતંત્ર સંગ્રામ અનસંગ હીરોઝ અને ૨૦૪૭માં ભારત માટેનું મારું વિઝન** અંતર્ગત પોસ્ટકાર્ડ ઝૂંબેશમાં ધો. ૪ થી ૧૨ ના કુલ ૧૫૦ બાળકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન હેડ પોસ્ટ ઓફિસના શ્રી નિતાબેન પંડયા ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી શ્રી ધીરુભાઈ ધંધુકિયા, તથા આચાર્યશ્રીએ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપેલ. શિક્ષકોએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવેલ.

### બંધારણ દિવસની ઉજવણી :

હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં **બંધારણ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. તેમાં માધ્યમિકના બાળકોએ ભાગ લીધેલ હતો. શ્રી દક્ષાબેન પંડયાએ બાળકોને **ભારતનું બંધારણ ક્યારે ઘડાયું ? કેવી રીતે ઘડાયું ?** તે વિષે વિશેષ માહિતી સ્માર્ટ બોર્ડ અને પ્રોજેક્ટર દ્વારા આપેલ. ધો. ૧૧ નો વિદ્યાર્થી ગોહિલ શકિતસિંહે બંધારણ વિશે સ્પીચ આપેલ. શાળાના કર્મચારીઓએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવેલ.

### જાગો ગ્રાહક જાગો કાર્યક્રમ :

હાઈટેક પ્રાયમરી સ્કૂલમાં, ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા **જાગો ગ્રાહક જાગો કાર્યક્રમ** યોજવામાં આવેલ. જેમાં ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ પ્રો. ડી. જે. ધંધુકિયા સાહેબ અને ટ્રસ્ટી શ્રી જતીનભાઈ પંડયા હાજર રહ્યાં હતાં.

શ્રી ધીરૂભાઈ ધંધુકિયાએ 'ગ્રાહકના અધિકાર' વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી હિતેન પંડયા દ્વારા કરવામાં આવેલ.



# પી.એન.આર. સોસાયટી સંચાલિત ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ



કિરણબેન રાજયગુરુ

- તા. ૧૧ નવે. થી તા. ૧૮ નવે. દરમિયાન સેમ-૧ અને સેમ-૨ ની એક્ષટર્નલ થિયરી પરીક્ષા યોજાયેલ. તેમાં દરેક તાલીમાર્થીઓએ કોવિડ-૧૯ ની ગાઈડ-લાઈન અનુસાર શાંતિપૂર્ણ રીતે પરીક્ષા પૂર્ણ કરેલ.
- તા. ૨૦ નવે. થી તા. ૨૪ નવે. દરમિયાન સેમ-૧ અને સેમ-૨ ની ઈન્ટરનલ થિયરી પરીક્ષા યોજાયેલ.
- તા. ૨૯-૧૧ થી તા. ૨-૧૨ દરમિયાન સેમ-૧ અને સેમ-૨ ની ઈન્ટરનલ થિયરી પરીક્ષા યોજાયેલ. જેમાં તમામ તાલીમાર્થીઓએ બ્રેઈલ, ઓરિએન્ટેશન અને મોબિલિટી, પ્રેકિટસ ટીચિંગ, યુઝ ઓફ સ્પેશિયલ એપ્લાઈન્સિસ, પ્રિ-પ્રિએશન ઓફ લો કોસ્ટ ટી.એલ.એમ., ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી જેવા પ્રેકિટકલ વિષયોની પરીક્ષા પૂર્ણ કરેલ.
- ૩જી ડિસે. ના રોજ **વિશ્વ વિકલાંગ દિન** નિમિત્તે કોલેજના તાલીમાર્થીઓ દ્વારા વર્ગખંડમાં 'વિકલાંગ ધારા' વિષેની સમજ, તેમજ દિવ્યાંગ વ્યકિતઓના જીવન ચરિત્ર વિશે પ્રસ્તુતિ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ.
- તા. ૮ ડિસે. થી તા. ૧૦ ડિસે. દરમિયાન સેમ-૧ અને સેમ-૨ ની એક્ષટર્નલ પ્રેકિટકલ પરીક્ષા યોજાયેલ. આ પ્રેકિટકલ પરીક્ષા બહારથી આવેલ પરીક્ષકો શ્રી કલ્પનાબેન લાલવાણી, તેમજ પ્રજ્ઞાચક્ષુ શ્રી રવિભાઈ સાગેલિયા દ્વારા લેવામાં આવેલ. જેમાં તમામ તાલીમાર્થીઓએ પરીક્ષા ખૂબજ સારી રીતે પૂર્ણ કરેલ.
- વી.આઈ. ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કોલેજના કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી કિરણબેન રાજયગુરુ દ્વારા, દરેક તાલીમાર્થીઓને આપણી હોસ્પિટલમાં **સંજીવની કાર્ડ** કાઢી આપવાની કામગીરી કરવામાં આવી.





# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



જીજ્ઞા સોલંકી

## રંગોળી સ્પર્ધા :



'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલમાં દિવાળી પર્વ નિમીત્તે **ઓનલાઈન રંગોળી સ્પર્ધા**ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં બાળકો, વાલીઓ તથા સ્ટાફે ઘરે **રંગોળી ડિઝાઈન** તૈયાર કરીને સ્પર્ધામાં ભાગ લીધો હતો. સેરેબ્રલ પાલ્સી વિદ્યાર્થીઓને હલન-ચલન ક્ષતિ હોવા છતાં, આ ઈવેન્ટમાં કુલ ૩૧ સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને ૩ ડિસેમ્બરના રોજ ઈનામ વિતરણ કરવામાં આવેલ.

## નટરાજ સી.પી. સ્કૂલમાં એસેસમેન્ટ કેમ્પ



દિવ્યાંગો માટે સમયે-સમયે તપાસ, માર્ગદર્શન જરૂરી હોય છે. આ પ્રકારે તપાસ અને માર્ગદર્શન માટે એસેસમેન્ટ કેમ્પ સી.પી. સ્કૂલમાં તા. ૧૧-૧૨ ડિસેમ્બરે યોજાય ગયો. પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલ ખાતે આયોજિત આ **મેગા એસેસમેન્ટ કેમ્પ**માં **૭૫** લાભાર્થીઓ જેવા કે, સી.પી.-મંદબુધ્ધિ, ઓટિઝમ, મલ્ટિપલ ડિસેબલ્ડ, લર્નિંગ ડિસેબિલિટીની તપાસ કરવામાં આવી હતી. આણંદ-અમદાવાદથી આવેલા, ડૉ. દિપકકુમાર, ડૉ. કેલ્વિન પટેલ, ડૉ. મિશ્રા, ડૉ. મુકુંદ તથા શ્રીમતી પૂજા પટેલ (રાજકોટ), ડૉ. અનિલ સિંઘ (ભાવનગર) તેમજ સંસ્થાના ડૉકટર્સ, શૈક્ષણિક ટીમ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા જરૂરી તપાસ કરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે, કોરોનાકાળ દરમ્યાન શિક્ષણ અને સારવારથી વંચિત રહી ગયેલા આ દિવ્યાંગોની તપાસ, સારવાર અને માર્ગદર્શન આપવાનો હેતુ હતો, જેમાં સંસ્થાના **બચપન કોર્પસ ફંડ** તથા પેરેન્ટ્સ કોન્ટ્રિબ્યુશનનો સહયોગ રહ્યો હતો.



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ



મનસુખ સોરઠિયા



ભાવનગર નવજવાન સંઘ શેઠ શ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ તથા શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક દ્વારા તા. ૨૫, ડિસે. ના રોજ **બ્લડ સુગર, ગાયનેક અને ફિઝીયોથેરાપી કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડ સુગર-૩૮ લાભાર્થીઓ, ગાયનેક-૧૪ લાભાર્થીઓ અને ફિઝીયોથેરાપીના-૦૯ લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

✍ નેહલ ત્રિવેદી



## “બંધારણ દિવસ” :



શાળામાં તા. ૨૬ ડિસે. ના રોજ ભારતનો **બંધારણ દિવસ** ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમ માટે સનાતન ધર્મ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી મહેશભાઈ દાફડાને બોલાવવામાં આવેલ. તેઓએ ભારતના બંધારણ વિશે ખૂબ જ રસપ્રદ માહિતી આપેલ. તેઓએ ભારતનું બંધારણ લખવાનું કયારે શરૂ કરવામાં આવ્યું, પુરું કરતાં લાગેલ સમય, વિવિધ દેશોના બંધારણને ધ્યાનમાં લઈ આપણા દેશનું બંધારણ બનાવવામાં આવ્યું છે. તે વાત તથા બંધારણ સમિતિના અધ્યક્ષ ડૉ. શ્રી બાબાસાહેબ આંબેડકર કે તેઓને **બંધારણના ઘડવૈયા** ગણવામાં આવે છે. તેઓ વિશે પણ ઘણી માહિતી આપેલ. વકતાની વાણીનું ઈન્ટરપ્રિટીંગ શ્રી કિંજલબહેન તથા શ્રી ધ્રુવિબહેન દ્વારા કરવામાં આવ્યું હતું.



## સ્પોર્ટ્સ કીટ ભેટ :

યુવા અનસ્ટોપેબલ NGO દ્વારા સંસ્થાના બાળકો માટે સ્પોર્ટ્સ કીટ ભેટ મોકલવામાં આવી છે. જેનો હેતુ શાળાના દરેક શ્રવણમંદ બાળક રમત-ગમત પ્રત્યે રસ-રૂચી દાખવે તથા આગળ વધે તે છે.



## શ્રધ્ધાંજલી (વીર શહિદ શ્રી બિપિન રાવતને):



માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, તેમજ પ્રાથમિક શાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ભારત દેશના વીર સપૂત અને પ્રથમCDS શ્રી બિપિન રાવત અને ૧૧ આર્મી અધિકારીઓની શહીદીને વંદન કરી શ્રધ્ધાંજલી આપી હતી. શ્રી શૈલેષભાઈએ વીર શહીદ શ્રી બિપિન રાવતની કામગીરી, તેમને મળેલ એવોર્ડ, સન્માન તેમજ તેમનું હેલિકોપ્ટર ક્રેશ થવાની અણધારી બનેલી દુર્ઘટનાની માહિતી આપી હતી. શ્રવણમંદ વિદ્યાર્થીઓને આ માહિતી સાઈન લેંગ્વેજ દ્વારા શ્રી જયોતિબહેન બારૈયાએ સમજાવી હતી. ત્યારબાદ સહુએ બે મિનિટ મૌન પાળેલ. કાર્યક્રમના અંતમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સાઈન લેંગ્વેજમાં રાષ્ટ્રગીત રજૂ કર્યું હતું.





# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)



સંતોષ યાદવ

## રંગોળી સ્પર્ધા :



ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં દિવાળીના તહેવારની ઉજણી માટે તા. ૩૦, ઓકટો. ના રોજ ડી.એડ. અને બી.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા કલાસરૂમ પ્રમાણે **રંગોળી સ્પર્ધા** યોજવામાં આવી હતી. તાલીમાર્થીઓને દિવાળીની શુભેચ્છા પાઠવવામાં આવેલ.

## રક્ષાબેન દવે એવોર્ડ પારિતોષિત અને વિદાય સમારોહ :



ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં દર વર્ષે બી.એડ. અને ડી.એડ. ફાઈનલ પરીક્ષામાં પ્રથમ અને દ્વિતીય સ્થાને ઉતીર્ણ થનાર તાલીમાર્થીઓને રોકડ રકમ, તેમજ શિલ્ડથી નવાજવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૮, ઓકટો.ના રોજ મહાવીર ઓડિટોરીયમમાં બી.એડ. સ્પેશિયલ એજ્યુ. (એચ.આઈ.) ૨૦૧૯-૨૦૨૧ બેચના તાલીમાર્થીઓનો સન્માન સમારોહ યોજાય ગયો. જેમાં પ્રથમ ક્રમે દિનેશકુમાર (૭૧.૬%) અને દ્વિતીય ક્રમે જગદીશ (૭૦.૦૪%) ને **શ્રી ડૉ. રક્ષાબેન દવે પારિતોષિક** એવોર્ડથી સન્માન કરવામાં આવેલ. ડી.એડ. સ્પેશિયલ એજ્યુ. (એચ.આઈ.) ૨૦૧૯-૨૦૨૧ની બેચના તાલીમાર્થીઓનો **વિદાય સમારોહ** યોજાઈ ગયો. જેમાં વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને સંસ્થા તરફથી શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રી ડૉ. રક્ષાબેન દવે, સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા અને અન્ય આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેલ અને વિદાય લઈ રહેલ તાલીમાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવેલ.

## ઈન્ટરનેશનલ ડિસેબિલિટી ડે ની ઉજવણી :



તા. ૩ ડિસેમ્બર'-૨૧ ના રોજ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા ઈન્ટરનેશનલ ડિસેબિલિટી ડે નિમિતે કોવિડ-૧૯ પછી એક 'સમાવેશી સુલભ અને સુવિધાજનક વિશ્વ તરફ દિવ્યાંગજનોના નેતૃત્વ અને ભાગીદારી' ઉપર પોસ્ટર બનાવવાની સ્પર્ધા યોજવામાં આવેલ અને શિક્ષકો દ્વારા તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

## રીસોર્સ પર્સન તરીકે કોલેજના આચાર્યશ્રી ડૉ. સંતોષભાઈ યાદવની પ્રસંશનિય કામગીરીઃ

૧. તા. ૨૧, સપ્ટે. ના રોજ ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજિત નેશનલ વેબિનારમાં, **ઈન્ફર્મેશન એન્ડ કમ્પ્યુટર ફોર પર્સન વિથ ડિસેબિલિટી** ઉપર.

૨. તા. ૯, ઓકટો. ના રોજ PNR સોસાયટી દ્વારા સંચાલિત હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં શિક્ષકોને સેંસેટાઈજ કરવા માટે યોજાયેલ શિક્ષક તાલીમમાં 'સેન્સરી ડિસેબિલિટીના પરિચય' ઉપર.

૩. તા. ૨૮, ઓકટો. ના રોજ **શ્રી સંત ગાડગે બાબા શિક્ષણ સંસ્થા-પચોરા** જલગાંવ દ્વારા આયોજિત નેશનલ વેબિનારમાં 'આસેસ્ટીવ ટેકનોલોજી ફોર હિયરિંગ ઈંપેઈરમેંટ' ઉપર.

૪. તા. ૩૦, નવે. ના રોજ **યશ સ્પેશિયલ ટિચર્સ ટ્રેનિંગ સંસ્થા વાશીમ**, મહારાષ્ટ્ર દ્વારા આયોજિત નેશન વેબિનારમાં 'ઈમ્પોર્ટન્સ ઓફ રેઈન્ફોર્સમેન્ટ ઈન બિહેવીયર મોડિફીકેશન' વિષયર પર સેવા આપેલ.

૫. **આર.સી.આઈ.ના વિઝિટિંગ એક્સપર્ટ તરીકે :** ભારતીય પુનર્વાસ પરિષદ નવી દિલ્હી દ્વારા નિમણૂંક વિઝિટિંગ એક્સપર્ટ તરીકે એસ.એસ.કોલેજ ભોપાલ(મધ્યપ્રદેશ)માં બી.એડ.સ્પે. એજ્યુ. (એચ.આઈ.) અભ્યાસક્રમની માન્યતા લંબાવવા માટે તા. ૨૭ અને ૨૮ ઓકટોબર-૨૧ ના રોજ ઈન્સપેકશન કરવાની કામગીરી કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા કરવામાં આવેલ.

૬. **આચાર્ય દ્વારા પી.એચડી ની ઉપાધિ પ્રાપ્ત :** ટિચર્સ ટ્રેનિંગ કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવે 'પ્રાથમિક શિક્ષણમાં



સંવેદી અક્ષમતા ધરાવતા બાળકો માટે પ્રજ્ઞા અભિગમનું મૂલ્યાંકન' વિષય પર મુંબઈ યુનિવર્સિટી માન્ય અલીયાવરજંગ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ સ્પીચ અને હિયરિંગ ડિસેબિલિટીના ડાયરેકટર ડૉ. સુન્ની મેથ્યુના માર્ગદર્શન હેઠળ વિશેષ શિક્ષામાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી, કોલેજ તેમજ સંસ્થાનું નામ રોશન કરેલ છે.

૭. **રિફ્રેશર પ્રોગ્રામમાં સહભાગિતા :** ગુજરાત યુનિવર્સિટીના એચ.આર.ડી.સી. ડિપાર્ટમેન્ટ દ્વારા પંદર દિવસીય ઓનલાઈન વિન્ટર સ્કૂલના રિફ્રેશર પ્રોગ્રામમાં કોલેજના આચાર્ય ડૉ. સંતોષભાઈ યાદવે સક્રિયરૂપે ભાગ લીધો અને નવું-નવું જ્ઞાન મેળવ્યું.

## ઈન્ટર્નશિપ :

તા. ૧ થી ૩૧ ડિસેમ્બર-૨૧ સુધી બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ની ઈન્ટર્નશીપ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ, કાળિયાબીડમાં રાખવામાં આવેલ છે.

## પરીક્ષા :

- બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) વર્ષ ૨૦૨૦-૨૦૨૨ ના ત્રીજા સેમેસ્ટરની ઈન્ટરનલ પરીક્ષા તા. ૧૩, ઓકટો. થી ૧૬, ઓકટો. સુધી યોજાઈ ગઈ તેમજ એક્સટર્નલ પરીક્ષા તા. ૧૬, નવે. થી ૨૨, નવે. સુધી યોજાઈ ગઈ.
- ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) વર્ષ ૨૦૨૦-૨૦૨૨ ના બીજા સેમેસ્ટરના તાલીમાર્થીઓની ઈન્ટરનલ પરીક્ષા ૨૫ અને ૨૬ ઓકટોબરે લેવામાં આવેલ.
- બી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) વર્ષ ૨૦૨૧-૨૦૨૩ ના પહેલા સેમેસ્ટરના તાલીમાર્થીઓની ઈન્ટરનલ પરીક્ષા ૧૩, ડિસે. લેવામાં આવેલ.

## પરીક્ષા પરિણામઃ

ડી.એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) વર્ષ ૨૦૨૦-૨૦૨૧ની પરીક્ષા આર.સી.આઈ.-એન.બી.ઈ.આર. મુંબઈ દ્વારા લેવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓનું ૧૦૦% પરિણામ આવેલ. જેમાં તાલીમાર્થીઓ ફર્સ્ટ કલાસ ડિસ્ટ્રિન્કશન સાથે, તેમજ બીજા બધાજ તાલીમાર્થીઓ ફર્સ્ટ કલાસ સાથે પાસ થયેલ.






# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

**માહે નવેમ્બર-૨૦૨૧ની કામગીરી** — વિપુલ જેઠવા



માહે નવેમ્બર-૨૦૨૧ દરમ્યાન કુલ ૧૦૪ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ. જેમાં લાભાર્થીઓને આશરે ૧૧૪ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૭, ની-બ્રેસ-૧૭, હેન્ડ સ્પીન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસીસ-૮, કેલીપર-૮, એ.એફ.ઓ.-૧૬, પ્લાસ્ટિક ઓર્થાસીસ-૩ તથા ઓર્થાશુઝ-૧ તથા ૫૮ જુદા-જુદા સાધનો જેવા કે વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ વિગેરે પુરાં પાડવામાં આવેલ હતા. તેમજ જરૂરિયામંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ હતું.



# 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા



✍ નેહલ ગઢવી

## નેશનલ એસેસમેન્ટ સર્વે - પરીક્ષા (N.A.S.) :

શાળામાં તા. ૧૨, નવે. ના રોજ N.A.S. (નેશનલ એસેસમેન્ટ સર્વે) અંતર્ગત પરીક્ષા યોજવામાં આવેલ. જેમાં ધો. ૫ માં તાલીમ મેળવતા ૧૩ બાળકોએ પરીક્ષા આપેલ.

## ટ્રસ્ટી મંડળની વાર્ષિક મિટીંગ :



તા. ૨૧, નવે. ના રોજ વર્ષ ૨૦૨૦-૨૧ની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવેલ. જેમાં  વિવિધ પ્રવૃત્તિઓની તથા વહિવટી બાબતોની માહિતી માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે આપેલ, તેમજ માનદ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયાએ શૈક્ષણિક પ્રવૃત્તિનો અહેવાલ આપેલ. માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ જે. શાહે ઓડિટેડ હિસાબો તેમજ બજેટ રજૂ કરેલ. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણીએ સંસ્થાની અન્ય માહિતી આપેલ તથા વાર્ષિક અહેવાલ રજૂ કરેલ. મિટીંગમાં હાજર સભ્યોએ અહેવાલ બનાવનારને અભિનંદન પાઠવેલ. સભામાં હાજર ટ્રસ્ટીશ્રીઓ તથા સભ્યશ્રીઓ દ્વારા સંસ્થાની કામગીરી તથા પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ તથા ટીમ અંકુરને અભિનંદન પાઠવેલ.

## વેબિનાર :

તા. ૮, ડિસે. ના રોજ **વિશ્વ માનસિક વિકલાંગ દિવસ** નિમિત્તે શાળાઓ શરૂ થતા શિક્ષકો, વાલીઓ અને બાળકો કયાં-કયાં પ્રશ્નોનો સામનો કરી રહ્યાં છે ? તથા તેનું નિરાકરણ શું હોઈ શકે ? તે માટે (A.R.P.P.) (એસોસિએશન ઓફ રીહેબિલિટેશન પેરેન્ટસ એન્ડ પ્રોફેશન) ન્યૂ દિલ્હીના પ્રેસિડેન્ટ શ્રી રાજેશભાઈના વેબિનારનું આયોજન કરેલ. જેમાં શાળાનો સ્ટાફ સક્રિય રીતે જોડાયેલ.

## દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમઃ

સમગ્ર વિશ્વમાં ૩જી ડિસેમ્બર **વિશ્વ વિકલાંગ દિવસ** તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે શાળા ખાતે મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને સીટી મામલતદાર કચેરી ભાવનગર, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે **દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની મિનલ રાઠોડની પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ, ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી વૈશાલીબેન જોષી (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી), શ્રી કંટારા સાહેબ (નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી) દ્વારા મતદાર જાગૃતિ અંગેની વાત કરેલ. તેમજ ડિજીટલ પ્લેટફોર્મ અંગેની માહિતી અત્યંત ઝીણવટ પૂર્વક તથા રસપ્રદ શૈલીમાં શાળાના શિક્ષક શ્રી પારસભાઈ પરમારે કરેલ.

## ડિપ્લોમા પરીક્ષા :



સંસ્થામાં ચાલતા D.Ed. Slp. Ed. (ID) કોર્સના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની ફાઈનલ પરીક્ષા તા. ૨૨, નવે. થી તા. ૨૭, નવે. દરમ્યાન નટરાજ કોલેજ ખાતે યોજવામાં આવેલ. જેમાં CLO તરીકે શ્રી રાજેન્દ્ર ચેચાની (C.R.C. અમદાવાદ) હાજર રહેલ.

## CLO તરીકે નિમણૂંક :

તા. ૨૨, નવે. થી તા. ૨૭, નવે. દરમ્યાન પાલનપુર ખાતે યોજાયેલ ડિપ્લોમા પરીક્ષામાં ટિચર્સ ટ્રેનિંગ કોલેજના કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદારની N.B.E.R. દ્વારા પસંદગી કરવામાં આવેલ. અભિનંદન.

# દિવ્યાંગ લગ્ન સહાય યોજના

## ૧. પાત્રતાના માપદંડ

◈ કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.
◈ આ યોજનાનો લાભ ફકત એક જ વખત (એક યુગલદીઠ) મળવાપાત્ર રહેશે.
◈ આ યોજના હેઠળ નીચે દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ આપવામાં આવે છે.
◈ ૮૦% કે તેથી વધુ અંધત્વ, ઓછી દ્રષ્ટિવાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્ર છે.
◈ ૮૦% કે તેથી વધુ સાંભળવાની ક્ષતિવાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્ર છે.
◈ ૫૦% તેની ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, બૌધ્ધિક અસમર્થતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા, દીર્ઘકાલિન અનેમિયા, માનસિક બીમાર, ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશક્તતા, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, બહેરાં-અંધત્વ સહીત અનેક અપંગતાવાળા દિવ્યાંગ વ્યક્તિઓને સહાય મળવાપાત્ર છે.
◈ ૪૦% કે તેથી વધુ આનુંવાન્શિક કારણોથી થતો સ્નાયુ ક્ષય, રક્તપિત-સાજા થયેલ, એસિડના હુમલાનો ભોગ બનેલ, હલન-ચલન સાથેની અશક્તતા, સેરેબ્રલ પાલ્સી, વામનતા, બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિવાળા દિવ્યાંગ વ્યક્તિઓને સહાય મળવાપાત્ર છે.
◈ લગ્નના ૧ વર્ષની સમય મર્યાદામાં અરજી કરવાની રહેશે.

## ૨. સહાયનો દર

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિ સાથે દિવ્યાંગ વ્યક્તિ લગ્ન કરે ત્યારે રૂા. ૫૦,૦૦૦/- + ૫૦,૦૦૦/- મળીને કુલ રૂા. ૧,૦૦,૦૦૦/-, તેમજ સામાન્ય/વ્યક્તિથી દિવ્યાંગ વ્યક્તિ લગ્ન કરે ત્યારે રૂા. ૫૦,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે.

## ૩. રજુ કરવાના ડોક્યુમેન્ટ

◈ રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ, વીજળી બીલ, ડ્રાઈવિંગ લાઈસન્સ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ)
◈ અરજદારનું શાળા છોડયાનું પ્રમાપત્ર
◈ કન્યા/કુમારનું શાળા છોડયાનું પ્રમાપત્ર
◈ બંનેના સંયુકત લગ્ન વખતના ફોટા
◈ લગ્ન કંકોત્રી
◈ અરજદારનું દિવ્યાંગતાનું ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતા દાખલની પ્રમાણિત નકલ
◈ લગ્ન રજીસ્ટર ઓફ મેરેજીસની ઓફિસમાં નોંધાયેલું સર્ટિફિકેટ
◈ બેન્ક પાસબૂકની નકલ
◈ સોગંદનામું

## ૪. ફોર્મ કયાં મળશે અને અરજી કયાં કરવી ?

◈ આ સેવાનો લાભ હવે ઓનલાઈન સમાજ કલ્યાણની વેબસાઈટ પરથી મેળવી શકો છો. જે નીચે દર્શાવેલ લિંક દ્વારા મળી શકશે. https://esamajkalyan.gujarat.gov.in
◈ આ યોજના હેઠળ દિવ્યાંગતાની ટકાવારી મુજબ લાભ જોવા માટે નીચે આપવામાં આવેલ લિંક પર ક્લિક કરો. https://sje.gujarat.gov.in/dsd/downloads/viklang lagan sahay form 2016.pdf
◈ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ફોર્મની કોપી અને પુરાવાઓ વેરીફિકેશન માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી કચેરી (આપના તાલુકા/જિલ્લામાં જેમને સત્તા આપેલ હોય ત્યાં) જઈ તપાસ કરાવવાના રહેશે.

## દાંપત્ય જીવનની નવી શરૂઆતના સાત વચન

૧. પરસ્પર સમજણ કેળવો.
૨. સંબંધોમાં આકર્ષણ જાળવી રાખો.
૩. પ્રસંશા કરવામાં કંજૂસી ન કરો.
૪. ક્ષતિઓની ચર્ચા એકાંતમાં કરો.
૫. અપેક્ષાઓ ન્યૂનતમ રાખો.
૬. સુવર્ણ ભાવીનું આયોજન સાથે બેસી કરો.
૭. ફકત બોલો જ નહીં, સાંભળો પણ ખરાં.

**સૌજન્ય : ડૉ. આદર્શ ત્રિપાઠી,**
**વરિષ્ઠ મનોચિકિત્સક (રાજસ્થાન પત્રિકા)**



# દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની કેન્દ્ર સરકારની યોજના (એડીપ યોજના)

## કોને લાભ મળે ?

◈દિવ્યાંગતાની ટકાવારી ૪૦% કે તેથી વધુ હોવી જોઈએ.

◈માસિક આવકના અન્ય સ્ત્રોત રૂા. ૨૦,૦૦૦/- થી વધુ ન હોવા જોઈએ.

◈આશ્રિત હોય તેવા કિસ્સામાં માતા-પિતા/વાલીની માસિક આવક રૂા. ૨૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.

◈આ હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં જેઓને કોઈપણ પ્રકારની મદદ મળી ન હોય તેવા ૧૨ વર્ષની નાની ઉમરના બાળકો માટે આ મર્યાદા એક વર્ષની રહેશે.

## કેટલો લાભ મળે ?

◈કોઈપણ એક સાધન સહાય રૂા. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવશે. (આધુનિક ઉપકરણની સહાય મળી શકે છે, જેમકે ડેઝી બૂક પ્લેયર, લેપટોપ અને ડિઝીટલ મેગ્નિફાયર. આ પ્રકારના ઉપકરણ નિષ્ણાંત સમિતિના સૂચન દ્વારા આપવામાં આવશે. જે ૧૦ વર્ષમાં એક વખત એક વ્યકિતને મળશે.)

◈ધોરણ-૯ થી ઉપર ભણતા વિદ્યાર્થીઓને કોઈપણ એક સાધન સહાય રૂા. ૧૨,૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવશે.

## જરૂરી પુરાવાઓ

◈દિવ્યાંગ વિદ્યાર્થીનું દિવ્યાંગ ઓળખકાર્ડ

◈જે-તે વિભાગના નિષ્ણાંત તબીબનું ટકાવારી પ્રમાણપત્ર (સિવિલ સર્જનનો દાખલો)

◈અરજદારની બેંક પાસબૂકની પ્રમાણિત નકલ

◈અરજદારના આધારકાર્ડની પ્રમાણિત નકલ

◈દિવ્યાંગતા દર્શાવતો ફોટો

## સાધનો અને ઉપકરણો બેસાડવા સુધારાત્મક ઓપરેશન કરવાની જરૂર પડે તો નીચે મુજબની સહાય આપવામાં આવશે.

◈સાંભળવાની અને બોલવાની તકલીફવાળી દિવ્યાંગ વ્યકિતઓને રૂા. ૫૦૦ થી રૂા. ૧૦૦૦/-

◈દ્રષ્ટિહીન દિવ્યાંગ વ્યકિતઓને રૂા. ૧૦૦૦ થી રૂા. ૨૦૦૦

◈ઓર્થોપેડિક તકલીફવાળી દિવ્યાંગ વ્યકિતને રૂા. ૫૦૦૦ થી રૂા. ૧૦૦૦૦/-

◈બહુ દિવ્યાંગ ધરાવતી વ્યકિતને એક થી વધુ સાધન સહાયની જરૂર પડે ત્યારે દરેક સાધન માટે અલગ રીતે તેની મર્યાદા લાગુ પડશે.

## અરજી કરવાની પધ્ધતિ

◈જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીએ માન્યતા આપેલ સંસ્થામાં રૂબરૂ જઈ ફોર્મ ભરવાનું રહેશે.

# રાષ્ટ્રિય કક્ષાએ "ઈન્કલુઝન" સ્વિકૃત એરફોર્સમાં પ્રથમ વખત દિવ્યાંગ કેડેટ્સ સામેલ

**હૈદરાબાદ :** દેશમાં પ્રથમ વખત દિવ્યાંગ કેડેટ્સને **એરફોર્સ**માં સામેલ કરાયો છે. દિવ્યાંગ કેડેટ્સ યોગેશ યાદવને વિશેષ કિસ્સામાં ધ્યાનમાં રાખીને અધિકારી તરીકે નિયુક્ત કરાયા છે. એરફોર્સમાં સામેલ થવાના થોડા દિવસો પહેલા ફલાઈંગ કેડેટ્સ યોગેશ યાદવ ૨૦૧૮માં મિલિટરી ટ્રેનિંગ વખતે એરક્રાફ્ટ ઉડાવતા હતા, પરંતુ ટેકિનકલ ખામીના કારણે તેમણે પ્લેનમાંથી કૂદવું પડયું હતું. પેરાશૂટથી કૂદવા છતાં લગભગ ૨૦૦ મીટર ઉપરથી કૂદકો માર્યા બાદ તેમના શરીરનો નીચેનો હિસ્સો લકવાગ્રસ્ત થઈ ગયો હતો. આ પછી તેને મેડિકલ ગ્રાઉન્ડ પર ટ્રેનિંગમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે યોગેશનું પાઈલટ બનવાનું સપનું ચકનાચૂર થઈ ગયું. પરંતુ યાદવે હાર ન માની. તે તાલીમ પૂર્ણ કરવા માટે લડયો. તેણે પોતાનો કોર્સ પૂરો કરવા માટે એરફોર્સ પાસે પરવાનગી માંગી. સંરક્ષણ મંત્રાલય તરફથી વિશેષ પરવાનગી મળ્યા બાદ તેઓ એરફોર્સની એકાઉન્ટ્સ શાખામાં ફલાઈંગ ઓફિસર તરીકે જોડાયા હતાં. આ અગાઉ એન.ડી.એ., આઈ.એમ.એ., એરફોર્સ એકેડમીમાં ટ્રેનિંગ દરમિયાન કેડેટ ઘાયલ થતાં તેને એપોઈન્મેન્ટ આપવામાં આવતી ન હતી. સંરક્ષણ મંત્રાલયના રેકોર્ડ અનુસાર, દેશમાં ૧૯૮૫થી અત્યાર સુધીમાં ૪૪૮ દિવ્યાંગ કેડેટ્સ છે, જેમને તાલીમ દરમિયાન કાઢી મૂકવામાં આવ્યાં હતાં.

**- સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

# ૧ નવેમ્બર '૨૧ થી ૩૧ ડિસેમ્બર '૨૧ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | |
|---|---|
| M/s. Excellent Engineering Corporation - Mumbai | 868,000 |
| Shri Surajba Charitable Trust - Mumbai | 225,000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5,000 |
| Shri Kiritkumar Chhotalal Bhagat C/O.S.G.Pharma Pvt.Ltd. - Mumbai | 5,000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - Bhavnagar | 5,000 |
| Shri Dilip Gordhandas Gondalia - Mumbai | 5,000 |
| Shri Manjulaben Ratilal Mehta - Mumbai | 5,000 |
| Shri Manav Jyot Public Charitable Trust | |
| Shri Maa Gajalaxmi Charitable Trust Parivar - Mumbai | 2,000 |
| Shri Nergish Darius Vesavewala - Mumbai | 55,000 |
| Shri Vasantiben Kamdar - Mumbai | 2,100 |
| Shri Nipaben Doshi - Mumbai | 1,500 |
| Shri Rupeshbhai Doshi - Bhavnagar | 2,001 |
| M/s. World Inbox Knowledge Sharing Private Limited | 5,100 |
| Shri K.N.Shah Charitable Trust, C/O.National Color Chem.Corp.- Mumbai | 7,000,000 |
| Shri Pyarelal Agarwal - Bhavnagar | 5,100 |
| Shri Aum Vipulbhai Mangukiya - Bhavnagar | 1,100 |
| Shri Jignaben Nitinbhai Solanki - Bhavnagar | 1,500 |
| Shri Vimal Mehta - Mumbai | 2,500 |
| Shri Jinesh Rohitkumar Doshi - Mumbai | 5,000 |
| Shri Darshna Mehta - Bhavnagar | 11,000 |
| Shri Nihchal Israni Foundation - Mumbai | 500,000 |
| Shri Bhupendrabhai Himatlal Shah - Mumbai | 71,000 |
| Shri Dinesh Amratlal Doshi - Mumbai | 25,000 |

### CSR

| | |
|---|---|
| M/S. Anand Engineers Pvt.Ltd - Mumbai | 100,000 |
| M/S. Diamines And Chemicals Limited - Vadodara | 200,000 |

### FCRA

| | |
|---|---|
| Shri Shakuntalaben Vasantrai Gandhi - USA | 10,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | |
|---|---|
| Shri Ramniklal Sheth - Bhavnagar | 10000 |
| Shri Kanchanben Ramniklal Sheth - Bhavnagar | 10000 |
| Shri Jigneshbhai R Sheth - Bhavnagar | 10000 |
| Shri Mili Jignesh Sheth - Bhavnagar | 10000 |
| Shri Meer Jignesh Sheth - Bhavnagar | 10000 |
| Shri Maitri Jignesh Sheth - Bhavnagar | 10000 |
| Shri Jagdishbhai R Sheth - Bhavnagar | 10000 |
| Shri Meenaben Jagdishbhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Hetvi Jagdishbhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Rajubhai Ramniklal Sheth - Bhavnagar | 10000 |
| Shri Bhartiben Rajubhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Keval Rajubhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Balabhai Ramniklal Sheth - Bhavnagar | 10000 |
| Shri Kavitaben Balabhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Twisha Balabhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Mital Rajubhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Deepali Jagdishbhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Monali Jagdishbhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Richu Balabhai Sheth - Bhavnagar | 9000 |
| Shri Arham Yuva Seva Group - Bhavnagar | 9000 |
| Shri Induben Virendrabhai Shah - Bhavnagar | 1000 |
| Shri Naynaben S. Doshi - Bhavnagar | 100000 |
| Shri Naynaben S Doshi - Bhavnagar | 10000 |
| Shri Rajesh Ramniklal Modi - Mumbai | 5000 |
| Shri Yuktaba B Gohil - Bhavnagar | 3501 |
| Late Vakani Rasilaben Dhirajlal - Bhavnagar | 2727 |
| Shri Maheshbhai & Sureshbhai - Kobdi | 4500 |
| Shri N. R. Chanchad - Bhavnagar | 5000 |
| Shri Kiritbhai Vrujlal Shah & Sonalben Kiritbhai Shah - Bhavnagar | 11000 |
| Shri Anopchandbhai K Shah & Shri Nileshbhai A. Shah - Bhavnagar | 2100 |
| Shri Satbhama Teckchand Charitable Trust - Mumbai | 150000 |
| Shri Manjula Yashvant Radia - Jamnagar | 10000 |
| Shri Ashish Yashvant Radia - Jamnagar | 10000 |
| Shri Milan Yashvant Radia - Jamnagar | 10000 |
| Shri Shilpa Yashvant Radia - Jamnagar | 10000 |
| Shri Hansa Harshad Shroff - Mumbai | 5000 |
| Shri Jay Adinath Bhakti Group - Bhavnagar | 5000 |
| Shri Ananya Bhavin Sutariya - Bhavnagar | 1100 |
| Shri Dhrumin Sunilbhai Sheth - Mumbai | 25000 |
| Shri Dhrumin Sunilbhai Sheth - Mumbai | 10000 |
| Shri Varsha Rajoo Shah - Mumbai | 22000 |
| Shri Suketubhai Shah (Harima Surgical) - Bhavnagar | 5000 |
| Shri B. M. Baxi - Bhavnagar | 3000 |
| Shri Atulbhai Darji - Nadiad | 1000 |
| Late Dhirendrabhai Ramniklal Patel - Bhavnagar | 5000 |
| Shri Varshaben B. Lalani - Bhavnagar | 6000 |
| Shri Hemlataben A. Kapasi - Bhavnagar | 2000 |
| Shri Maharth Mayankbhai Patel - Bhavnagar | 3000 |
| Late Jitendra Poonamchand Doshi - Vallabhipur | 11111 |
| Shri Jitubhai Savjibhai Vaghani - Bhavnagar | 16000 |
| Shri Ajaybhai Doshi In Mem.Of Lt.Vivek Ajaybhai Doshi - Bhavnagar | 5000 |
| Shri Innerwheel Club Of Bhavnagar - Bhavnagar | 5000 |
| Shri Nilamben Manchandbhai Shah - Surat | 51000 |
| Late Dhirubha Rana - Bhavnagar | 5000 |
| Late Dhirendrabhai Ramniklal Patel - Bhavnagar | 7000 |
| Shri Dr. Hardik Khatri - Bhavnagar | 10000 |
| Shri Varshaben B Lalani - Bhavnagar | 1500 |
| Late Damyantiben Rasiklal Doshi - Mahuva | 1000 |
| Shri Taraben Rasiklal Rokadiya - Bhavnagar | 3000 |
| Shri Hardik Sanjaybhai Ranpura & Maulik S Ranpura - Bhavnagar | 4000 |

| | |
|---|---|
| Late Gajendrabhai A. Vara - Bhavnagar | 10000 |
| Shri Ilaben Shripalbhai Mehta - Ahmedabad | 25000 |
| Shri Kiritbhai K. Sheth (Sheth Brothers) - Bhavnagar | 20000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | |
|---|---|
| Dr. Sharadbhai M. Thakar - Ahmedabad | 131110 |
| Shri Arunaben Mahendrakumar Bhayani - Bhavnagar | 90000 |
| M/s. Parv Metal Processing Co., - Rajkot | 51000 |
| Shri Sunilkumar B. Shah - Vadodara | 51000 |
| Smt. Varshaben Rajubhai Shah - Mumbai | 36000 |
| Shri Sushilaben Vinaykumar Kapasi-Bhavnagar | 36000 |
| Shri Kantilal V. Chheda - Solisiter - Mumbai | 31000 |
| Shri Dushyant Shah Charitable Trust - Ahmedabad | 31000 |
| Shri Sudhirbhai & Shobhanaben Patel - Anand | 25001 |
| M/s. Patel Electronics - Bhavnagar | 19500 |
| Shri Parulben Vinayakbhai Dodiya - Bhavnagar | 11000 |
| Shri Mukeshbhai G. Patel - Anand | 7500 |
| Shri Vinodbhai Bhikhalal Patel - Anand | 5100 |
| Shri Jashvantrai R. Sanghavi - Mumbai | 5001 |
| Shri Vivekbhai Ajaybhai Doshi - Bhavnagar | 5000 |
| Shri Rajeshbhai Ramniklal Modi - Mumbai | 5000 |
| Smt. Bhaviniben Rajeshbhai Modi - Mumbai | 5000 |
| Shri Kishorbhai Chandrakantbhai Pandya - Bhavnagar | 5000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - havnagar | 5000 |
| Shri Sarlaben Sureshbhai Ajmera - Mumbai | 5000 |
| Shri Mahendrabhai Ajmera - Mumbai | 5000 |
| Shri Nayanaben Pankajbhai Shah - Bhavnagar | 5000 |
| Shri J. J. Patel - Bhavnagar | 4202 |
| Shri Girishbhai Velani - Bhavnagar | 2727 |
| Shri Bhadrayu Vinayakbhai Vachchharajani - Rajkot | 2700 |
| Shri Arvindbhai Thakkar - Bhavnagar | 2500 |
| Shri Lataben Shah - Bhavnagar | 2500 |
| Shri Bhuvaneshbhai Aadeshra - Rajkot | 2001 |

## AT & T Technology Park Donation From USA

**Dt.12-07-2021 to 30-12-2021** **FCRA**

| | | | |
|---|---|---|---|
| Shri Prafulbhai Shah - NJ | $ | 5000 | 370000 |
| Shri Niranjanbhai Gandhi - TX | $ | 500 | 37000 |
| Shri Onally Chinwala - NJ | $ | 5000 | 370000 |
| Shri Udaybhai Kapdia - NJ | $ | 500 | 37000 |
| Shri Shubhasbhai Vora & Smt.Nilaben Vora - TX | $ | 1600 | 118400 |
| Shri Prafulbhai Shah - NJ | $ | 5000 | 370000 |
| Shri Neil Kapadia - VA | $ | 5001 | 370074 |
| Shri Ashvinbhai Shah - NJ | $ | 500 | 37000 |
| Shri Prafulbhai Shah - NJ | $ | 2500 | 185000 |
| Shri The Beenity Community Imapct Fund - DE | $ | 290 | 21460 |
| Shri Dalal Family Foundation- Shri Nayan Dalal - NJ | $ | 8000 | 592000 |
| Smt. Smitaben & Shri Ashvinbhai Shah - NJ | $ | 1000 | 74000 |
| Shri Robert & Irene Henrick - MD | $ | 200 | 14800 |
| Shri Dhirajlalbhai Mehta - NJ | $ | 5000 | 370000 |
| Shri Amrendra & Hilla Singh - NJ | $ | 500 | 37000 |
| Shri Mahasukhbhai & Vibhaben Vora - CA | $ | 1500 | 111000 |
| Shri Prafulbhai Shah - NJ | $ | 98.16 | 726384 |
| Shri Rajnibhai Mehta - MI | $ | 2450 | 181300 |
| Shri Vipulbhai Kothari - CA | $ | 2500 | 185000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ploycliniс

| | |
|---|---|
| M/S. Excel International - Mumbai | 5000 |
| Shri Rajeshbhai R. Modi - Mumbai | 5000 |
| Shri Bhaviniben R. Modi - Mumbai | 5000 |
| PNR Society - Bhavnagar | 10000 |
| M/S. CGS Infotech Solution Pvt. Ltd. - Mumbai | 120000 |
| Shri Bhartiben Bharatbhai Trivedi - Mumbai | 100000 |

## સંદીપની - સાફલ્ય ગાથા

PNR સોસાયટીના નટરાજ કોલેજ કેમ્પસમાં આવેલ લાઈબ્રેરીમાં **લર્ન વીથ ફન** થીમ પર બાળકોને વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે, જેમાં ડ્રોઈંગ, સ્પેલિંગ પઝલ, મેથ્સ પઝલ, ટપકા જોડો, સરખામણી કરો, જેવી વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે. જેમાં સી.પી. સ્કૂલનો સંદીપ બારૈયા ખૂબજ સરસ ડ્રોઈંગ કરે છે, સંદીપ જયારે પહેલી વખત લાઈબ્રેરીમાં આવ્યો ત્યારે મેં જોયું તેને ડ્રોંઈગ કરવું ખૂબ જ ગમે છે. તે દરરોજ લાઈબ્રેરીમાં આવે ત્યારે જુદા-જુદા ડ્રોઈંગ કરવા માટે આપવા લાગી. સંદીપ અઘરા અને અટપટા ડ્રોઈંગ પણ ખૂબ જ સરળતાથી અને પરફેકટલી કરે છે. ખૂબ-ખૂબ અભિનંદન સંદીપને. સંદીપ ડ્રોઈંગમાં ખૂબ જ આગળ વધે અને સફળતાના શિખરો સર કરે તે માટે શુભેચ્છા.



લર્ન વીથ ફન - સંદિપ

# PNR તસ્વીર સમાચાર



સીધો થયેલો
હાથ ફરી
વળી ન જાય
તે માટે
હેન્ડ સ્પીન્ટ





હવે
વૉકરની
મદદથી
ચાલવાનું શરૂ

PNR માં ઑપરેશન પછી પુનઃસ્થાપિત બાળકો



પત્રકાર પરિસદ
પ્લાસ્ટિક સર્જરી



જન્મ દિવસની અનોખી ઉજવણી

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 January-2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com